

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧



સલામી સવારની..

પિટાય ઢંઢેરા પણ ફિકાસની વાતો છે,
સમજ નથી રાષ્ટ્રીય તિખાસની વાતો છે,
ચિકાસની વાતો છે લપસણાં સપનાંની -
દેખાતો ન કયાંય છતાં, વિકાસની વાતો છે..

### હાઈકુ

માટી પગાઓ,
વમળ ઉભાં કરી -
બેસે પાણીમાં..

મધુ ને મારી,
કરો નામ સાર્થક -
મધુસૂદન!

## ચિંતન

***સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજન્તિ પંડિતઃ । અર્ધેત કુરુતં કાર્ય સર્વનાશો ન જાયતે ॥***

'જયારે બધું જ નાશ થવાના આરે હોય, એટલે કે વિનાશ નજીક દેખાતો હોય ત્યારે પંડિત-વિદ્વાન-બુદ્ધિશાળી વ્યક્તિ-અડદો ફાયદો-લાભ જતો કરીને પણ બાકીનું અર્ધુ-બચાવી-સાચવી લે અને પોતાનું કામ-માન-સ્વમાન-મિલ્કત-બચાવી-સાચવી લે છે જેથી સંપૂર્ણ નાશ થતો અટકે છે.'

જયારે કુદરતી પ્રકોપ આવે, વાવઝોડા-પૂર-ધરતીકંપ ત્યારે સરકારી સૂચનાથી ઘર જેના પ્રત્યે આપણને ખૂબ જ મમત હોય. નાની-નાની, ઝીણી-ઝીણી વસ્તુ જે ભંગાર કે પસ્તીમાં આપવો જીવ ન ચાલતો હોય એ બધું જ છોડીને માત્ર ધન-સોનું-ચાંદી-રોકડ જેવી વસ્તુ લઇને માણસ 'ઘર' આખું છોડી દે છે. જીવ બચાવવા, બધું જતું હોય ત્યારે ડાહ્યા માણસ અર્ધાનો ત્યાગ કરે છે.

અત્યારે ટિકીટના ધરતીકંપમાં વિનાશ આરે ઉભેલી પ્રતિષ્ઠાનો અર્ધાભાગ બચાવવા ધૂરંધર નેતાઓ રિસામણે બેસી-પગ પછાડી જે બચ્યું તે 'અર્ધુ' લઇને બેસી નથી જતા?

## સુવિચાર

- મહાન ધ્યેયનું સર્જન મૌન માંથી થાય છે - ***મનુસ્મૃતિ***
- જે તમારા દોષો ન દેખાડે તેને દાટેલું ધન દેખાડનાર સમજો - ***એસ.ભટ્ટાચાર્ય***
- શબ્દ કવિને અમર બનાવે છે, જયારે કવિ શબ્દને ભાગ્યવાન બનાવે છે- ***બર્નાડ શો***
- માનવ માત્ર માટે પ્રેમ રાખવો એ કલાકાર બનવાની માટેની પહેલી શરત છે - ***એમ.એફ. હુસૈન***
- ચિત્રકાર એટલે વેચાઇ શકે તેવા ચિત્રો ચિતરનારો, જયારે કલાકાર એટલે તે જે ચીતરે તે વેચાઇ જાય - ***મોરારિ બાપુ***
- ઇશ્વર એટલે એક એવું વર્તુળ, જેનું કેન્દ્ર સર્વત્ર હોય છે, પણ એનો પરિઘ કયાંય હોતો નથી - ***જ્ઞાનસૂત્ર***
- સંતોષ કુદરતી દોલત છે, જયારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે - ***ભાણદેવ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આજના નેતાઓ કૌભાંડો કર્યા પછી પણ બીજા પાસે પૈસા આપી ભાડૂતી કવિઓ પાસે પોતાના 'ચાલીસા' પ્રસંશા ગીતો-આત્મકથાઓ અને પુસ્તકો લખાવી 'વાહ', 'વાહ' વેંચાતી લેતા હોય છે. જે વ્યક્તિએ ખરેખર કંઇક કામ કર્યું જ હોય તો એનું 'કામ' બોલે - એને પ્રશંસાની જરૂર જ ન પડે!

મહારાણી અહલ્યાબાઇ એક બાહોશ અને કુનેહથી રાજશાસન ચલાવનાર મહારાણી થઇ ગયાં આજે પણ તેમનો વહીવટ અને વ્યક્તિત્વ નોંધનીય છે.

મહારાણી એકવાર દીવાનખંડમાં બેસી સરકારી કામકાજમાં વ્યસ્ત હતાં ત્યાં એક સેવક આવ્યો અને કહ્યું, બહારે એક કોઇ 'કવિ' આવ્યા છે અને આપને અત્યારે જ મળવાનો આગ્રહ રાખે છે. અહલ્યાબાઇ કામકાજથી થાકયાં હતા અને કવિનું નામ પડયું એટલે બોલવી લીધા.

કવિ કહે, આપની આજ્ઞા હોય તો હું મારી એક કાવ્યરચના આપને સંભળાવવા ઇચ્છું છું!

અહલ્યાબાઇએ કાવ્ય સાંભળ્યું એમાં ભારોભાર અહલ્યાબાઇના શાસન અને પ્રતિભાની પ્રશંસા હતી અને એમાં અતિશયોક્તિ પણ ન હતી.

રાણી ખૂશ થયા. બે સોનામહોર આપતાં કહ્યું કવિરાજ હવે મારી શરત કહો તો શરત નહીં તો 'આજ્ઞા' માનવી પડશે.. કવિ હકારમાં માથું હલાવી વંદન કરી ઉભા રહ્યા. રાણી કહે, 'તમારૂં આ કાવ્ય અત્યારે જ નર્મદામાં પધરાવી દો- હવે કયારેય કોઇને એ કહેશો પણ નહીં. હું પ્રશંસાને નફરત કરૂં છું...'

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રશ્નો એકલા બાળક જ નહીં પોલીસ, લીડર અને પોલિટીશીયનો પણ પુછતાં હોય છે, પણ પત્ની જેટલા પ્રશ્નો કોઇ પુછતું નથી

**પ્રશ્નો વિશે પ્રશ્નો ચિંતન સભા**

- હેમંત સુથાર

ફાધર વાલેસે લખ્યું છે કે પ્રશ્નોએ સીધી ભાષા નથી. આડકતરી છે. ગોળ ગોળ છે. અધ્ધરજ છે. તેમના કહેવા પ્રમાણે ઘણાં બધાં પ્રશ્નોના જવાબો પ્રશ્નોમાં જ હોય છે. ઘણીવાર પ્રશ્ન પૂછનાર તેનો જવાબ જ આપતો હોય છે.

| પ્રશ્ન | ઉત્તર (પ્રશ્ન પુછનાર ખરેખર શું કહેવા માગે છે તે) |
|---|---|
| *કોણ જાણે?* | *હું જાણતો નથી.* |
| *આ શા માનું?* | *કંઇ કામનું નહીં* |
| *હવે કયારે આવશો?* | *ફરીથી જલ્દી ન આવો તો સારૂં.* |
| *તમે કયારે શીખશો?* | *તમે કદી શીખવાના નથી.* |
| *તમે શું થયું છે?* | *હું તારાથી નારાજ છું.* |
| *કેમ રડો છે?* | *રડવાનું બંધ કરો.* |
| *આવું કોણ માની શકે?* | *હું માનતો નથી.* |

એવું કહેવાય છે કે આપણે જેટલા પ્રશ્નો ઓછા પુછીએ કે આપણને કોઇ જેટલા પ્રશ્નો ઓછા પુછે તે ઘણું સારૂં કહેવાય. જેમ જેમ આપણી ઉંમર વધતી જાય છે તેમ તેમ ખબર પડતી જાય છે કે પ્રશ્ન પુછવાનો કોઇ અર્થ હોતો નથી. મોટાભાગનાં પ્રશ્નોના કોઇ ઉત્તર હોતા નથી અને જો કોઇ ઉત્તર હોય છે તો તે સાચા હોતા નથી અને તમે જે સમસ્યા માટે પ્રશ્નો પુછ્યો હોય તે "જૈ સે થે જ" રહે છે. ત્યારે કેટલાક પ્રશ્નોના ઉત્તર "હા" કે "ના" મા આપી શકાય તેવા હોતા નથી. જેમ કે તમે દારૂ છોડી દીધો? ખરેખર તમે દારૂ પીતા નથી. તમે જવાબ "ના" આપો તો દારૂ પીવાનું ચાલુ છે તેવો અર્થ થાય. "હા" જવાબ આપો તો પહેલાં દારૂ પીતા હતા તેવું અર્થઘટન થાય.

ભાષાઓમાં આવતાં અલ્પવિરામ, લઘુવિરામ, પુર્ણવિરામ જેવા ચિન્હો દર્શાવવા ખુબ જ સરળ છે. ત્યારે પ્રશ્નાર્થ ચિહ્ન વધુ ગુંચવાડાભર્યું છે, સરળ નથી, સીધું નથી, વાંકુ છે. પ્રશ્નોની જેમ.

હમણાં એક કાર્યક્રમમાં એક યુવા જૈન મહારાજ સાહેબને પ્રશ્નો પુછવાનાં હતા. તેમા એવું જાહેર કરવામાં આવ્યું કે પ્રશ્નો ગુજરાતી, હિન્દી, સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં પ્રશ્નો પુછી શકાશે. શ્રોતા-વક્તા ગુજરાતી ભાષા સારી રીતે જાણતાં હતા, સમજતા હતા. છતાં એક સજ્જને સંસ્કૃતમાં પ્રશ્નો પુછ્યા. શા માટે કદાચ તે એવું જાહેર કરવા માંગતા હતા કે તેઓ સંસ્કૃત ભાષા જાણે છે અથવા તો જવાબ આપનારાની પરીક્ષા કરવા માંગતા હતા અથવા તો સંસ્કૃત ભાષાનું માનવ વધારવા માંગતા હતા.

ઘણાં લોકો અગાઉ પુછાયેલ પ્રશ્ન ફરીથી પુછતાં હતા કાં તો તેઓ અગાઉ કોઇએ આ પ્રશ્ન પુછ્યો છે તેટલું પણ ધ્યાન નહતા રાખતા કારણ કે તેઓ પોતાને પ્રશ્ન પુછવાની તક મળે તેમાં વધુ રસ ધરાવતાં હતા. ઘણઆં પ્રશ્ન પૂછનાર સામેવાળાની પરીક્ષા કરવા કે સામેવાળાને મુંઝવવા કે પછી પોતાનું જ્ઞાન પ્રદર્શિત કરવા માટે પણ પ્રશ્ન પૂછતાં હોય છે. આવી વૃત્તિ મોટી ઉંમરના લોકોમાં વધુ જોવા મળે છે.

તમે જોયું હશે કે નાના બાળકો વધુ પ્રશ્નો પુછતાં હોય છે. બાળકોને ખુબ કુતૂહલ હોય છે. તેને ઘણા પ્રશ્નો થાય છે એટલે તે ઘણા પ્રશ્નો પૂછતો હોય છે. શરૂ શરૂમાં નવા નવા મમ્મી-પપ્પાને ખુબ જ આનંદ આવે છે. પરંતુ થોડા સમય પછી તેઓ પણ કંટાળે છે. એક ફિલ્મમાં એક બાળક એક વડીલને બહુ જ પ્રશ્નો પુછતો બતાવે છે. આખરે તે વડીલ કંટાળીને બાળકને કહે છે કે "તું કેમ આટલા બધા પ્રશ્નો પૂછે છે? " બાળક સરસ જવાબ આપે છે કે "મારે આ દુનિયામાં આવ્યાને ફક્ત પાંચ જ વર્ષ થયા છે એટલે..."

આ કાર્યક્રમમાં એક બાળક હતું. આ કાર્યક્રમમાં ૧૦૦ પ્રશ્નો પૂછવાના હતા. પ્રશ્નોત્તરી શરૂ થઇ તેના પ્રથમ પ્રશ્નથી જ આ બાળક પ્રશ્ન પૂછવા માટે હાથ ઉંચો કરવા લાગ્યું, ઘણાં પ્રશ્નો છતાં તેનો વારો ના આવ્યો તો તેને જોરજોરથી હાથ હલાવવાનું શરૂ કર્યું, તે પછી થોડીવાર રહીને તે તેની જગ્યાએ પ્રશ્ન પુછવા ઉભો થઇ ગયો. ઘણીવાર પછી તેને પણ પ્રસ્ન પુછવાની તક મળી, પણ તે પછી પણ ૧૦૦ પ્રશ્નો સુધી તેને તેનો પ્રયત્ન ચાલુ રાખ્યો. પ્રશ્નો એકલા બાળક જ નહીં પોલીસ, લીડર અને પોલિટીશીયનો પણ પુછતાં હોય છે. પણ પત્ની જેટલા પ્રશ્નો કોઇ પુછતું નથી. વિશેષમાં પત્ની તો તેને પુછાયેલા પ્રશ્નનો ઉત્તર પણ પુછીને આપે છે.

રાજકારણીઓને કોઇ પ્રશ્ન પુછો તો મોટાભાગે કોઇ જવાબ નહીં મળે, આમ તો તેમને કોઇને જવાબ આપવાનો હોતો નથી, જો તે કોઇને ઉત્તર આપશે તો કાં તો તે પ્રશ્નને અનુરૂપ નહીં હોય અથવા તો એટલો લાંબો હશે કે આપણે આપણો પ્રશ્ન પણ ભુલી જઇએ.

***હમણાં એક કાર્યક્રમમાં એક યુવા જૈન મહારાજ સાહેબને પ્રશ્નો પુછવાનાં હતા, તેમા એવું જાહેર કરવામાં આવ્યું કે પ્રશ્નો ગુજરાતી, હિન્દી, સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં પ્રશ્નો પુછી શકાશે, શ્રોતા-વક્તા ગુજરાતી ભાષા સારી રીતે જાણતાં હતા, સમજતા હતા. છતાં એક સજ્જને સંસ્કૃતમાં પ્રશ્નો પુછ્યા, શા માટે કદાચ તે એવું જાહેર કરવા માંગતા હતા કે તેઓ સંસ્કૃત ભાષા જાણે છે અથવા તો જવાબ આપનારાની પરીક્ષા કરવા માંગતા હતા અથવા તો સંસ્કૃત ભાષાનું માન વધારવા માંગતા હતા***

પ્રત્યેક પ્રશ્નની બે બાજુઓ હોય છે એક પ્રશ્ન પુછનારની બીજી ઉત્તર આપનારની. ઘણીવાર ઉત્તર આપનાર આ સારો પ્રશ્ન પુછ્યો તેવું કહે તો સમજવાનું કે કાંતો તેને તેમનો ઉત્તર આવડતો નથી અથવા તો તેમને કહેવાનું બાકી હતું અને તે ઇચ્છતાં હતાં કે કોઇ પુછે, તે પ્રશ્ન આવી ગયો હોય.

હવે આ લેખને વધુ લાંબો કરવાનો પ્રશ્ન નથી. નહીંતર તમને પ્રશ્ન થશે કે... કેમ લાંબુ લાંબુ લખો છો?

# કયા જીવનું લોહી રંગ વગરનું હોય છે?

**ખજાનો**

ડૉ. અનિલ પટેલ

## વિજ્ઞાન જગત

(૧) કયા વૈજ્ઞાનિકને વિજ્ઞાનના જાદુગર તરીકે ઓળખવામાં આવે છે?
(અ) એડિસન (બ) ગેલેલિયો
(ક) ન્યૂટન (ડ) આઈનસ્ટાઈન
(૨) મનુષ્યે સર્વપ્રથમ કઈ ધાતુનો ઉપયોગ કરેલો?
(અ) ચાંદી (બ) સોનું (ક) પ્લેટીનમ (ડ) પિત્તળ
(૩) શરીરની સૌથી નાની ગ્રંથિ કઈ છે?
(અ) થાઈરોઈડ (બ) પિટ્યુટરી
(ક) એડ્રિન (ડ) હાઈપોથેલેમસ
(૪) ન્યુકલીયર રિએકટરમાં કયું પાણી વપરાય છે?
(અ) ભારેપાણી (બ) ડીસ્ટીલ પાણી (ક) નરમ પાણી (ડ) ગરમ પાણી
(૫) વિડાલ પરીક્ષણ કયા રોગ માટે કરવામાં આવે છે?
(અ) કમળો (બ) મેલેરિયા
(ક) ટાઈફોઈડ (ડ) એઈડઝ
(૬) પૃથ્વીને તોલનાર સૌ પ્રથમ વૈજ્ઞાનિક કોણ હતા?
(અ) આઈન્સ્ટાઈન (બ) મેગેલિન (ક) કેવેન્ડિફા (ડ) ગેલેલિયો
(૭) ભારતનો પ્રથમ અણુ ધડાકો કરનાર વૈજ્ઞાનિક કોણ હતા?
(અ) ચંદ્રશેખર (બ) ડૉ. રાજા રમન્ના
(ડ) મેઘનાથ સાહા (ડ) ડૉ. હોમી ભાભા
(૮) કયા જીવનું લોહી રંગ વગરનું હોય છે?
(અ) વંદાનું (બ) સિંહનું (ક) કૂતરાનું (ડ) બિલાડીનું
(૯) મેલેરીયા રોગની સારવાર માટે 'ક્વિનાઈન' ઔષધ કયા વૃક્ષની છાલમાંથી બને છે?
(અ) લીંમડા (બ) નારીયેળ (ક) નીલગિરી (ડ) સિંકોના
(૧૦) સાપેક્ષવાદનો સિદ્ધાંત કયા વૈજ્ઞાનિકે આપ્યો?
(અ) આઈન્સ્ટાઈન (બ) ગેલેલિયો
(ક) ન્યૂટન (ડ) આર્કિમીડીઝ
(૧૧) 'પદાર્થ નાના કણોનો બનેલો છે?' એવું પ્રતિપાદિત કરનાર કોણ હતા?
(અ) કણાદ (બ) આર્યભટ્ટ (ક) ચંદ્રશેખર (ડ) મેઘનાથ સહા
(૧૨) ભારતમાં 'કૃષિ વિજ્ઞાનના પિતા' તરીકે કોણ ઓળખાય છે?
(અ) નોર્મલ બોરલોગ (બ) ડૉ. સ્વામીનાથન (ક) ડૉ. ખુરાના (ડ) ડૉ. કુરિયન
(૧૩) જ્ઞાનતંત્રમાં કોને ઈજા થવાથી તાત્કાલિક મૃત્યુ થાય છે?
(અ) લંબમજ્જા (બ) મોટા મગજ (ક) થેલેમસ (ડ) હાયપોથેલેમસ
(૧૪) ભારતનું અંતરિક્ષ પ્રક્ષેપણ કેન્દ્ર ચાંદીપુર કયા રાજયમાં છે?
(અ) કર્ણાટક (બ) બિહાર (ક) ઓરિસ્સા (ડ) કેરળ
(૧૫) દારૂ પીવાથી વ્યક્તિના શરીરના કયા ભાગ પર અસર થાય છે, જેથી તે લથડિયાં ખાતો ચાલે છે?
(અ) સેરીબ્રમ (બ) હાયપોથેલમસ (ક) સેરીબેલેમ (ડ) મેડયુલા

## વિવિધા

***(આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોનાં જન્મદિવસ)***

- ૨૮ માર્ચ, ૧૯૩૦ જેરોમ આઈસાક ફીડમેન-૧૯૯૦માં નોબેલ પ્રાઈઝ વિજેતા, અમેરિકન વૈજ્ઞાનિક
- ૨૮ માર્ચ, ૧૯૨૮ એલેકઝેન્ડર ગ્રોથેન્ડીક- જર્મન ફ્રેન્ચ-મેથેમેરીશિયન, ૧૯૬૬માં ફિલ્ડ મેડલ વિજેતા
- ૨૮ માર્ચ, ૧૮૯૨ કોર્નિલ હેયમન્સ-બેલ્ઝીયમ ફીજીયોલોજીસ્ટ, મેડીકલ ક્ષેત્રનું નોબેલ પ્રાઈઝ ૧૯૩૮માં મેળવનાર
- ૨૯ માર્ચ, ૧૯૨૭ જહોન રોબર્ટ વાને-ઈંગ્લીશ બાયોકેમીસ્ટ, ૧૯૮૨માં મેડીકલ ક્ષેત્રે નોબેલ પારિતોષીક વિજેતા
- ૨૯ માર્ચ, ૧૮૬૦ ક્રિસ્ટર્ન રૂન્કીયર-ડેનીશ બોટાનીસ્ટ
- ૨૯ માર્ચ ૧૮૫૩ ઈલ્હુ થોમ્સન-ઈંગ્લીશ અમેરિકન એન્જીનીયર, જનરલ ઈલેકટીસીટીના સ્થાપક, મૃત્યુ ૧૩ માર્ચ ૧૯૩૭
- ૩૦ માર્ચ ૧૮૯૨ સ્ટેફન બનાચ - પોલેન્ડના મેથેમેટીશીયન, મૃત્યુ-૩૧ ઓગસ્ટ, ૧૯૪૫
- ૩૦ માર્ચ ૧૮૮૨ મેલાની કલેઈન - ઓસ્ટ્રેલિયન બોર્ન બ્રિટીશ સાયકોલોજીસ્ટ, મૃત્યુ સપ્ટે.૧૯૬૦
- ૩૧ માર્ચ, ૧૬૭૪ જેથ્રો ટુલ્લ-ઈંગ્લીશ રાઈટર અને કૃષિ વૈજ્ઞાનિક, મૃત્યુ-૨૧ ફેબ્રુ.૧૭૪૧
- ૩૧ માર્ચ, ૧૯૩૪ કાર્લો રૂબિયા-ઈલાટીન ભૌતીકશાસ્ત્રી
- ૩૧ માર્ચ ૧૯૦૬ શીન-ઈચિટો-ટોમોનાગા-જાપાની ભૌતિકશાસ્ત્રી ૧૯૬૫માં નોબલ પારિતોષિક વિજેતા
- ૩૧ માર્ચ ૧૮૧૧ રોબર્ટ બન્સેન - જર્મન કેમીસ્ટ, મૃત્યુ-૧૬ ઓગસ્ટ, ૧૮૯૯
- ૧ એપ્રિલ ૧૯૩૨ નોર્મન એબ્રમ્સન-અમેરિકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક
- ૧ એપ્રિલ ૧૯૧૯ જહોસેફ ઈ.મરી - અમેરિકન સર્જન મેડીકલ ક્ષેત્રનું નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ ૨૬ નવેમ્બર-૨૦૧૨
- ૧ એપ્રિલ ૧૯૦૮ અબ્રાહ્મ હરોલ્ડ માસ્લો-અમેરિકન સાયકોલોજીસ્ટ, સેલ્ફ એક્યુલાઈઝેશન થીયરી આપનાર, મૃત્યુ-૮ જૂન ૧૯૭૦
- ૨ એપ્રિલ ૧૯૩૪ પૌલ જોસેફ કોહન-અમેરિકન મેથેમેટીશીયન
- ૨ એપ્રિલ ૧૮૮૪ ડેનિસ રોબર્ટ હોઆગલેન્ડ-માનવશરીરશાસ્ત્ર વૈજ્ઞાનિક, મૃત્યુ-૫ સપ્ટે.૧૯૪૯
- ૨ એપ્રિલ ૧૮૭૫ વોલ્ટર ક્રિસ્લેર-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ક્રિસ્લેર મોટરના સ્થાપક, મૃત્યુ-૪ જૂન ૧૯૯૭
- ૩ એપ્રિલ, ૧૯૯૮ કાથેરીન ઈસુ-રશિયન બોર્ન અમેરિકન બોટાનીસ્ટ, મૃત્યુ-૪ જૂન ૧૯૯૭
- ૩ એપ્રિલ,૧૮૪૫ વિલિયમ જેમ્સ ફારેર-બ્રિટીશ બોર્ન ઓસ્ટ્રેલિયન કૃષિવૈજ્ઞાનિક, મૃત્યુ-૧૬ એપ્રિલ, ૧૯૦૬
- ૩ એપ્રિલ, ૧૮૯૬ રાલ્ફ એ. બેગ્નોલ્ડ-અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી, મૃત્યુ-૧૮ મે, ૧૯૯૦

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

***કેન્દ્ર સરકારમાં મંત્રી રહી ચૂકેલા કોંગ્રેસના કયા કદ્દાવર નેતા ભાજપમાં જોડાયા?***

***જવાબ : (૧) શ્રી જગદંબિકાપાલ સિંહ (યુપી)(૨) શ્રીમતી યુરેન્દ્ર દેવીસિંહ (આંધ્ર)***

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭-ડી (૨) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૩) આકાશ જી. પટેલ : સે-૨૩ (૪) હાર્દિક બી. ભટ્ટ : સે-૨૪
(૫) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી.ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ ?

**અમદાવાદ પૂર્વથી ભાજપમાંથી લોકસભાની ચૂંટણી લડી રહેલા ફિલ્મ કલાકાર 'પરેશ રાવલ'નું વતન કયું ગામ છે?**

**આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

***બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર***

### સાચા જવાબો

[illegible]

# હે ? અપુન કે નેતા લોક એસે કયું?

**ધ કોફી હાઉસ**

- ઉત્સવ પરમાર

ચુનાવી મોસમમાં હિન્દોસ્તાંની આવામી તકલીફો ફરી સપાટી પર આવી ગઈ છે, રેલીઓ અને સરઘસો ના કોલાહલ પાછળ દબાયેલા અવાજો ની નિરાશા ઓગળેલા ચટ્ટાની લાવાની જેમ રાજકીય ધરાતલ ની દરારો શોધી લે છે અને જવાલામુખોની ગરમી સિયાસી પાર્ટીઓના એસી દફતરો સુધી પહોચે ..! પોતપોતાના ચેમ્બરો અને પોર્ટફોલિયો માં ઘુસી ગયેલા નેતા લોગ , સંસદ સત્રો માં હંગામા મચાવતા નેતા લોગ, લાલ બત્તીઓ માં પોતાના કાળા અજવાળાં ભરી દેતા નેતા લોગ, પોતાની ગોળ ફાંદો પર વીટી પહેરેલા જાડા આંગળા ફેરવતા નેતા લોગ , માઈકોથી કાન નો બળાત્કાર કરતા નેતા લોગ , આલતુ બોલતા નેતા લોગ, ફાલતું બોલતા નેતા લોગ... પોતાની સફેદ જેબોના ભારથી લોકોની આંખોમાં પડી ગયેલા નેતા લોગ... યે સબ બહાર આ જાતે હે...લોગો કી જુબાન પર, ટીવી મેં દિખતે હે, રેડિયો પે બિકતે હે, હોર્ડિંગ્સ પે ચમકતે હે... જબ જબ ચુનાવ આતા હે... હર નેતા અપને આપ મેં સે બહાર આતા હે..!

હે? એવું કેમ? દુનિયાની વસ્તીના ૭મા ભાગની જનતાના નેતા લોગ આવા કેમ? કેમ દર ૫ વરસે ટીવી ચેનલો પર સુકાયેલી ચામડી વાળો પરસેવે લથબથ કોઈ ગામનો બુઝુર્ગ કેમેરા સામે રિપોટરે પૂછેલા પારંપરિક પ્રશ્નના જવાબમાં એમ કહેતો અચૂક જોવા મળે કે, યહાં કોઈ નહિ આતા સા બ...ચુનાવ કે વક્ત આતે હે સબ, સપને દિખાતે હે ઔર ચલે જાતે હી... ફિર પાંચ સાલ તક કોઈ નહિ આતા...? કેમ ચુનાવી મોસમો વખતે જ અખબારો અને ટીવીના કેમેરા હિન્દાસ્તાની ગાવો ની દાસ્તાનો તરફ ફોકસ થાય છે? શા માટે આજે પણ ભારત માં એવા મહોલ્લા છે એવા ગામ છે જયાં પાણી જેવી બુનિયાદી જરૂરત માટે પણ સંઘર્ષ કરવો પડે છે? શા માટે ભારતમાં એવા ઘરો છે જયાં બચ્ચાઓ એ સુરજ આથમે એ પહેલા જ વાંચી નાખવું કે હોમવર્ક કરી લેવું પડે છે કેમ કે ત્યાં રાતે ૬૦ વોટના બલ્બમાં ભરવા માટે સરકાર પાસે અજવાળું નથી? શા માટે આજે પણ ભારતમાં એવા વડલા છે જેની નીચે સંસ્કૃતિનો ઠેકો લઈ બેઠેલા નહોર વિનાના સિંહ જેવા બુઢાઓ તેમના બીડીઓ પીને ખખડી ગયેલા ફેફસાના ખોંખારા ખાઈ રેપ કેસ ને ઓનર કિલિંગના ફેંસલા ઈત્મિનાનથી સંભળાવે છે? શા માટે આજે પણ સરેરાશ ભારતીય ઈમાનદાર આદમી ને બેઈમાન હિન્દોસ્તાનીના ખિસ્સાંની બીક લાગે છે? શા માટે હિન્દોસ્તાની ઓરતમાં છુપાયેલી વ્યક્તિને લજ્જાને આબરૂના કાટલાં છાપ સાંસ્કૃતિક વિરાસતના નામે છેતરવામાં આવે છે? શા માટે કેટલાક લોકો માટે આ દેશ માં જીવવા કરતા મરવું સહેલું થઈ પડે છે ? શા માટે આ દેશ નો ખેડૂત પોતાના ખાલી પેટની આગમાં થી પેદા કરેલા અનાજ થી આવામ નું પેટ ભરે છે પણ પોતાની બે કોળિયા જેટલી ભૂખ ભાંગવા ની ત્રેવડ ભેગી કરતા એના ફેફસાં પર કરચલીઓ પડી જાય છે?

**તમને ગાંધીનગરના મેમ્બર ઓફ પાર્લામેન્ટ ઉર્ફે એમ.પી ઉર્ફે સંસદ સભ્યનું નામ સાંભળ્યું છે? કદાચ નામ જ સાંભળ્યું હશે અથવા બસ સ્ટેન્ડ પર લાલ અક્ષરોમાં વાંચ્યુ હશે બસની રાહ જોતા, પણ તમે એ માણસ ને છેલ્લે ક્યારે ગાંધીનગર માં જોયો?**

હે? અપુન કે નેતા લોગ એસે કયું? અપુન કે નેતા લોગ વેસે કયું? આ દેશમાં ગરીબોને સપના હોતા નથી, એમને દેખાડવા પડે છે કદાચ અને તેનો ઠેકો સપનાના સોદાગરો પાસે છે. ઉત્તર પ્રદેશ ના કોઈ એક અંતરિયાળ ગામમાં એક છોકરી છે, બાપ મરી ગયો છે અને મા ને લકવો મારી ગયો છે! બીજા ભાઈ બહેન છે, ભણવું છે પણ અહિયાં તો ખાવાના પણ ફાફા છે. બી.પી.એલ કાર્ડ માટે છોકરી દોડાદોડ કરે છે, પણ સરકારી ભાવ વિહીનતા ક્યાં સાંભળે? છોકરી એરિયાના એમ.એલ.એ પ્રકારના માણસ ને મળી ...એણે તપાસ કરી. જવાબ આપ્યો , તારા ગામનો બી.પી.એલ ક્વોટા ફૂલ છે છોકરી, તારા ગામમાં કોઈ મરે પછી એની જગ્યા ખાલી પડે ત્યારે આવજે, એ છોકરી દુઃખી છે, છેલ્લા ૩ વરસથી એના ગામમાં કોઈ મર્યુ જ નથી...

હે? અપુન કે નેતા લોગ ઐસે કયું? તમને ગાંધીનગરના મેમ્બર ઓફ પાર્લામેન્ટ ઉર્ફે એમ.પી ઉર્ફે સંસદ સભ્યનું નામ સાંભળ્યું છે? કદાચ નામ જ સાંભળ્યું હશે અથવા બસ સ્ટેન્ડ પર લાલ અક્ષરોમાં વાંચ્યુ હશે બસની રાહ જોતા. પણ તમે એ માણસ ને છેલ્લે ક્યારે ગાંધીનગર માં જોયો? સાહેબ, ગાંધીનગરમાં ફલાણી સમસ્યા છે! કાઈ કરોની સાયેબ, તમે જ માઈ બાપ- આટલું કહેવા ગાંધીનગરની કઈ ઓફિસમાં એમને મળવાનું? અમે સાંભળ્યું છે, કદાવર નેતા છે, હોશિયાર છે, સારું અંગ્રેજી બોલે, દુનિયા ઓળખે એમને...ભારે બહુમતીથી સાહેબની સાહ્બી જાળવી રાખી...? હે? સંસદ સભ્ય એટલે એવું જ ને કે રાષ્ટ્રીય સ્તરે આપણું પ્રતિનિધિત્વ કરે, આપણો એજન્ટ, આપણો માણસ બની ને આપણી સમસ્યાઓને કેન્દ્ર સ્તરે મુકે? પણ હે સાયેબ....અમને એવું ફીલ- નથી થતું...?

અનુસંધાન પાના.૬ પર